# સ્વચ્છતાના દાવા પોકળ, મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ ગંદકીના ગંજમાં ફેરવાઈ

**ડોર-ટુ-ડોર** કચરાની ગાડી 4 દિવસથી ન ડોકાતા દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં, તંત્ર આમને-સામને



(પ્રતિનિધિ) વડોદરા. તા.2

સ્વચ્છ ભારત અભિયાન અને સ્માર્ટ સિટીના નામે કરોડો રૂપિયાના ધુમાડા કરતી મહાનગરપાલિકાની પોલ ફરી એકવાર ખુલ્લી પડી ગઈ છે. મધ્ય ગુજરાતની સૌથી મોટી અને ગરીબોની જીવાદોરી સમાન સયાજી હોસ્પિટલમાં છેલ્લા ચાર દિવસથી ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. હોસ્પિટલ પરિસરમાં ઠેર-ઠેર કચરાના ઢગલા ખડકાયા છે, જેના કારણે સારવાર અર્થે આવતા દર્દીઓ સાજા થવાના બદલે વધુ બીમાર પડે તેવી ભયાનક પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

મળતી માહિતી મુજબ, મહાનગરપાલિકાની 'ડોર-ટુ-ડોર' કચરો એકત્રિત કરતી ગાડી છેલ્લા ચાર દિવસથી સયાજી હોસ્પિટલમાં આવી જ નથી. હોસ્પિટલ જેવા સંવેદનશીલ અને હાઈ-હાઈજીન ઝોનમાં ગંદકીના કારણે અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. ચોમાસાની ઋતુ નજીક છે ત્યારે આ પ્રકારની ગંદકી રોગચાળાને ખુલ્લું આમંત્રણ આપી રહી છે. હોસ્પિટલના દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

આ સમગ્ર મામલે સયાજી હોસ્પિટલના RMO દ્વારા મહાનગરપાલિકાના સત્તાધીશો અને સંબંધિત વોર્ડ ઓફિસરને લેખિત તથા મૌખિક જાણ કરવામાં આવી હોવા છતાં, પાલિકાનું તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ ઉદાસીન વલણ અપનાવી રહ્યું છે. બીજી તરફ, સયાજી હોસ્પિટલ વહીવટી તંત્ર પણ તમામ દોષનો ટોપલો મહાનગરપાલિકા માથે ઢોળીને પોતાની જવાબદારીમાંથી છટકબારી શોધવાનો પ્રયાસ કરી રહ્યું હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

સ્થાનિક નાગરિકો અને સામાજિક કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો આક્ષેપ કરી રહ્યા છે કે, કોર્પોરેશનના વોર્ડ ઓફિસરની ઘોર બેદરકારીના કારણે આજે હજારો દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. નેતાઓ અને અધિકારીઓ માત્ર ફોટા પડાવવા પૂરતું જ 'સફાઈ અભિયાન' ચલાવતા હોય તેવો ઘાટ અહી સર્જાયો છે.

હોસ્પિટલ જેવા સંવેદનશીલ વિસ્તારમાં 4 દિવસ સુધી કચરાની ગાડી ન મોકલવા પાછળ જવાબદાર વોર્ડ ઓફિસર સામે પગલાં ક્યારે લેવાશે ? હોસ્પિટલમાં આવતા દર્દીઓની પ્રતિકારક શક્તિ ઓછી હોય છે, આવા સમયે આ ગંદકી નવી બીમારીઓ (જેવી કે ડેન્ગ્યુ, મલેરિયા અને ટાઈફોઈડ) ફેલાવશે તો જવાબદાર કોણ ? જ્યારે વીઆઈપી મુલાકાતો હોય ત્યારે ચમકતી હોસ્પિટલ સામાન્ય દિવસોમાં નરકાગાર કેમ બની જાય છે ?

આ જોતાં હવે જોવાનું એ રહ્યું કે, મીડિયામાં અહેવાલો આવ્યા બાદ પાલિકા કમિશનર અને હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ જાગશે ખરા ? કે પછી ગરીબ દર્દીઓને આમ જ ગંદકીના સથવારે સારવાર લેવા મજબૂર થવું પડશે ?

### ડેસરના વક્તાપુરામાં આકાશી આફત

# ભારે પવન સાથે ત્રાટકેલા વરસાદમાં લીમડાનું ઝાડ પડતાં વૃદ્ધ ખેડૂતનું મોત

(પ્રતિનિધિ) વડોદરા. તા.2

વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના વક્તાપુરા ગામે કુદરતનો પ્રકોપ વરસ્યો છે. ગત રોજ અચાનક વાતાવરણમાં આવેલા પલટા બાદ ફૂંકાયેલા ભારે પવન અને ગાજવીજ સાથેના વરસાદને કારણે એક ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ હતી. ખેતરમાં પાકના રક્ષણ માટે રખેવાળી કરવા ગયેલા 65 વર્ષીય વૃદ્ધ ખેડૂત પર લીમડાનું વિશાળ ઝાડ ધરાશાયી થતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

મળતી માહિતી મુજબ, વક્તાપુરા ગામમાં રહેતા 65 વર્ષીય ખેડૂત રયજીભાઈ રાઠોડ પોતાના ખેતરમાં ઊભેલા પાકને પશુઓ કે અન્ય નુકસાનથી બચાવવા માટે રાત્રે ત્યાં



જ રોકાયા હતા. તેઓ ખેતરમાં પલંગ (ખાટલો) ઢાળીને સૂતા હતા. આ દરમિયાન અચાનક હવામાન બદલાયું હતું અને વાવાઝોડા જેવા તીવ્ર પવન સાથે વરસાદ શરૂ થયો હતો.

ભારે પવનના કારણે પલંગની નજીક આવેલું એક મોટું અને વજનદાર લીમડાનું ઝાડ મૂળમાંથી ઉખડીને સીધું રયજીભાઈ પર પડ્યું હતું. ઝાડ એટલું ભારે હતું કે રયજીભાઈને સંભાળવાની કે ભાગવાની તક જ મળી નહોતી. ઝાડ નીચે ચગદાઈ જવાથી આ અકસ્માતમાં તેમનું સ્થળ પર જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

સવારે ઘટનાની જાણ થતાં જ આસપાસના ખેતરોમાંથી લોકો અને ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઝાડ નીચેથી ખેડૂતના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો ત્યારે હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. ઘરના મોભીના આવા અચાનક અને કરુણ મોતથી પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે અને તેમના કરુણ આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. સ્થાનિક તંત્રને પણ આ અંગે જાણ કરવામાં આવતા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## યુવાનની હત્યા બાદ પત્નીએ ગૃહ રાજ્યમંત્રીને કરી રજૂઆત

(પ્રતિનિધિ) ભરૂચ,તા.2

સાગબારા તાલુકાના સોરાપાડા ગામમાં 22 વર્ષીય યુવાન વિકી વસાવાના રહસ્યમય મૃત્યુના કેસમાં પત્ની રાધિકાએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત વરિષ્ઠ અધિકારીઓને લેખિત રજૂઆત કરીને પાંચ લોકો સામે હત્યાનો ગુનો નોંધાવવાની માંગ કરી છે.

ગત 6 જાન્યુઆરીએ વિકી વસાવા પોતાની મોટરસાયકલ લઈને ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ 24 દિવસ સુધી લાપતા રહ્યા હતા. પત્ની રાધિકા બે વર્ષના બાળક સાથે પતિની શોધમાં આસપાસના જંગલ અને ડુંગરાળ વિસ્તારોમાં ફરી હતી, તેમજ સાગબારા પોલીસમાં પણ ફરિયાદ નોંધાવી હતી.લાંબી શોધખોળ બાદ નજીકના એક કૂવામાંથી વિકીનો ડી-કમ્પોઝ થયેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ દ્વારા મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો ત્યારે તેના મોઢા, ગળા અને ગરદન પર ગંભીર ઈજાઓ હોવાનું જણાયું હતું.

## તાંદલજા અલ-કબીર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ

**સેવાભાવી** પ્રવૃત્તિઓ દ્વારા જરૂરિયાતમંદોને મળી રહી છે સતત સહાય

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં કાર્યરત સેવાભાવી સંસ્થા અલ-કબીર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાજરી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન ખાનકાહે રિફાઈયાના સજ્જાદાનશીન સૈયદ કમાલુદ્દીન રિફાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે પ્રોત્સાહન વધે અને શિક્ષણમાં આર્થિક મુશ્કેલી અડચણ ન બને તેવા હેતુથી સંસ્થાએ આ આયોજન કર્યું હોવાનું ટ્રસ્ટના સભ્યોએ જણાવ્યું હતું.



આ પ્રસંગે અલ-કબીર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ સૈયદ યુસુફમીયાં રૂમી સહિત ટ્રસ્ટના તમામ સભ્યો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ સંસ્થાની સેવાભાવી કામગીરીને બિરદાવી હતી અને સમાજના સક્ષમ લોકો વધુમાં વધુ સેવાકીય કાર્યો સાથે જોડાય તેવી અપીલ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અલ-કબીર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માત્ર શૈક્ષણિક સહાય જ નહીં પરંતુ સામાજિક અને માનવતાવાદી સેવાઓ પણ નિયમિત રીતે કરવામાં આવે છે. ટ્રસ્ટ દર મહિને વિધવા મહિલાઓને રોકડ સહાય પૂરી પાડે છે તેમજ છોકરીઓ અને મહિલાઓ માટે મફત શિવણ ક્લાસનું આયોજન પણ કરે છે.

## વડોદરા શાળામાં વિજ્ઞાન પ્રવાહમાં કેન્દ્રિયકૃત પ્રવેશ પધ્ધતિથી પ્રવેશ ફાળવાશે

વડોદરા : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર દ્વારા ધો.૧૦નું પરિણામ પ્રસિધ્ધ થયેલ છે. જેના અનુસંધાને પાસ થયેલા જે વિધાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહમાં વડોદરા શહેર વિસ્તારની શાળામાં પ્રવેશ લેવા ઈચ્છતા હોઈ તેઓને કેન્દ્રિયકૃત પ્રવેશ પધ્ધતિ મુજબ પ્રવેશ ફાળવવા માટે જિલ્લા શિક્ષણાધિકારી વડોદરા દ્વારા પ્રવેશ પ્રક્રિયા કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અનુસાર એસ.સી,એસ.ટી,બક્ષીપંચ,EWS)ના વિધાર્થીઓના પ્રવેશ અંગેની કામગીરીની માટે સરકારી બુનિયાદી સ્ત્રી અધ્યાપન મંદિર, સુરસાગર, વડોદરા ખાતે સવારે -૧૧.૦૦ થી બપોરના ૦૨.૦૦ કલાક સુધી તા.૦૩/૦૬/૨૦૨૬ અને તા ૦૪/૦૬/૨૦૨૬ ના રોજ પ્રવેશ ફોર્મ વિતરણ તેમજ સ્વીકારવામાં આવશે. સરકારી બુનિયાદી સ્ત્રી અધ્યાપન મંદિર, સુરસાગર, વડોદરા ખાતે પ્રથમ મેરીટ યાદી જાહેર કરવામાં આવશે.

### ચોમાસા પહેલાં રોડ-રસ્તા, પાણી અને ગટરના બાકી કામો પૂર્ણ કરવા સૂચના

# વડોદરા મ્યુનિસિપલ કમિશનરની રિવ્યુ બેઠક: પ્રી-મોન્સૂન કામગીરીની સમીક્ષા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ચોમાસાની ઋતુ નજીક આવી રહી છે ત્યારે વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીને આખરી ઓપ આપવા માટે કવાયત તેજ કરવામાં આવી છે. આ અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા ખાતે દર મંગળવારે યોજાતી રૂટિન રિવ્યુ બેઠક મંગળવારે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ મહત્વની બેઠકમાં શહેરના વિવિધ વિકાસ કાર્યોની સાથે-સાથે ચોમાસા પૂર્વેની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી અને કમિશનર દ્વારા અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષસ્થાને મળેલી આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં વરસાદી કાંસની સફાઈ, પીવાના પાણીનો પુરવઠો, ગટર



વ્યવસ્થા અને રોડ-રસ્તાના પેચવર્ક સહિતના અત્યંત મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત અને ઝીણવટભરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કમિશનરે શહેરમાં હાલમાં ચાલી રહેલી વિવિધ પ્રી-મોન્સૂન કામગીરીની પ્રગતિનો ચિતાર મેળવ્યો હતો અને જે કામો હજુ પણ બાકી છે અથવા ધીમી ગતિએ ચાલી રહ્યા છે, તેને ચોમાસું બેસે તે પહેલાં જ યુદ્ધના ધોરણે અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવા માટે સંબંધિત અધિકારીઓને કડક સૂચના આપી હતી. આ બેઠકમાં ખાસ કરીને ચોમાસા દરમિયાન નાગરિકોને હાલાકી ન ભોગવવી પડે તે માટે રોડ-રસ્તાની મરામત, તેમજ પાણી અને ગટર લાઈન સંબંધિત સમસ્યાઓનો સમયસર અને કાયમી નિકાલ લાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી સ્થાનિક નાગરિકો દ્વારા અવારનવાર રજૂ કરવામાં આવતી પ્રાથમિક સુવિધાઓ અંગેની ફરિયાદો અને સમસ્યાઓ બાબતે પણ ગંભીરતાથી ચર્ચા થઈ હતી. કમિશનરે સંબંધિત વિભાગોને નાગરિકોની આ સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ રહીને ત્વરિત અને સકારાત્મક કાર્યવાહી કરવા માટે આદેશ આપ્યા હતા.

આ સમીક્ષા બેઠકમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો, તમામ વોર્ડના વોર્ડ ઓફિસરો, કાર્યપાલક ઈજનેરો, ફાયર બ્રિગેડ વિભાગ, આઈસીડી વિભાગ તેમજ કોર્પોરેશનની વિવિધ શાખાઓના ઉચ્ચ અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## બરોડા સીટી કો-ઓપ. મંડળીને ૧૦ મિલકતોના વેરા ભરવા નોટિસ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

કાલુપુરા સ્થિત વહીવટી વોર્ડ નં-14ની કચેરીએથી તા.2 જૂનના રોજ સેક્રેટરીને પત્ર પાઠવ્યો છે. પત્ર મુજબ મંડળીની 10 મિલકતોના વેરા બિલ સે.નં. 01-24-083-000-000-101 થી 110 સુધીના બાકી છે. તા.01 જૂન 2026 સુધીની બાકી રકમ ભરપાઈ કરવા વિનંતી કરવામાં આવી છે. પાલિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, સદર વેરા બિલોમાં રોજે રોજ વ્યાજ ચડતું રહે છે, જેથી આ રકમ રોજે રોજ વધતી અને બદલાતી રહે છે. જો હેડ સદરે ભરપાઈ નહીં થાય તો મિલકતના બાકી વેરાબિલો સંદર્ભે રેવન્યુ રાહે પગલાં લેવામાં આવશે. આ પત્રની નકલ જાણ તથા ઘટતું કરવા માટે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા અને એ.વી. દિવાન, પાર્ષદને મોકલવામાં આવી છે. વોર્ડ ઓફિસર, વોર્ડ નં-14 દ્વારા સહી સાથે આ નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે. પાલિકાએ મિલકતધારકોને વ્યાજથી બચવા તાત્કાલિક વેરો ભરવા અપીલ કરી છે.

### ૭૧.૫૮ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ :

# અમૃત ભારત યોજના હેઠળ પ્રતાપનગર રેલવે સ્ટેશનનો કરોડોના ખર્ચે કાયાકલ્પ

**લાંબા** અંતરની ટ્રેનો માટે સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકાસ, સ્ટેચ્યુ ઓફ યુનિટી જનારા પ્રવાસીઓને ફાયદો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના ઐતિહાસિક પ્રતાપનગર રેલવે સ્ટેશનનો અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ 71.58 કરોડના ખર્ચે વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવ્યો છે. વડોદરા સ્ટેશન પરનો ટ્રાફિક ઘટાડવા અને લાંબા અંતરની ટ્રેનોનું સંચાલન કરવા માટે આ સ્ટેશનને રણનીતિક સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

પ્રતાપનગર સ્ટેશન વર્ષ 1880માં નેરો ગેજ રેલવેના આગમનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. વર્ષ 1922માં અહીં



મહત્વની રેલવે વર્કશોપની સ્થાપના થઈ હતી. હવે આ સ્ટેશન સ્ટેચ્યુ ઓફ યુનિટી જનારા પ્રવાસીઓ માટે મહત્વનું બોર્ડિંગ સ્ટેશન પણ બનશે. વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક રાજૂ ભડકેએ જણાવ્યું કે આ પુનર્વિકાસથી વડોદરાની રેલવે અવસંરચના નવી ઊંચાઈએ પહોંચશે.

જૂના પ્લેટફોર્મ 1, 2 અને 3 પર સુવિધાઓનો વિસ્તાર. નવા પ્લેટફોર્મ નંબર-4 નો વિકાસ, હાઈ-લેવલ પ્લેટફોર્મનું વિસ્તરણ અને પુનઃસતહીકરણ. આધુનિક પ્લેટફોર્મ શેલ્ટર, બેઠક વ્યવસ્થા અને વધારાના શૌચાલય. સેકન્ડ એન્ટ્રી તરફ નવું સ્ટેશન ભવન અને વાણિજ્યિક ક્ષેત્રનો વિકાસ. સુવ્યવસ્થિત ટ્રાફિક મેનેજમેન્ટ, પૂરતી પાર્કિંગ સુવિધા અને આધુનિક શહેરી અવસંરચના. આધુનિક ફ્લોરિંગ અને ઉન્નત પ્રકાશ વ્યવસ્થા અને કલાત્મક ભીંત ચિત્રો (મ્યુરલ્સ) દિવ્યાંગજન-અનુકૂળ બુકિંગ કાઉન્ટર અને તમામ જરૂરી સુલભ સુવિધાઓ. 12 મીટર પહોળો ફૂટ ઓવર બ્રિજ બંને છેડે રેમ્પ અને *બે નવી લિફ્ટ સાથે જોડાયેલો, જેથી પ્લેટફોર્મ પર જવામાં સરળતા રહે.

નવા સ્ટેશન ભવનમાં વિવિધ ઓફિસોની સ્થાપના. આ પ્રોજેક્ટ ભારતીય રેલના "યાત્રી સુવિધા, સુગમ યાત્રા અને આધુનિક સ્ટેશન"ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મહત્વનું પગલું છે. પ્રતાપનગર સ્ટેશનના પુનર્વિકાસથી પ્રવાસીઓને બહેતર સુવિધાઓ મળવાની સાથે પ્રાદેશિક કનેક્ટિવિટીમાં પણ વધારો થશે.

## માલસરમાં બ્રાહ્મણ બાળકો માટે સંસ્કૃત પાઠશાળામાં નિ:શુલ્ક પ્રવેશ





(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા જિલ્લાના શીનોર તાલુકાના માલસરમાં આવેલા ગજાનન આશ્રમમાં છેલ્લા ૨૩ વર્ષોથી બ્રાહ્મણ બાળકો માટે પૂજ્ય ગુરુજી વિજયભાઈ જોષી દ્વારા સંસ્કૃત પાઠસાલા માં નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવે છે. બાળકોને સંસ્કૃતની સાથે આધુનિક શિક્ષણ તથા સ્પોર્ટ્સ સહિતના તમામ વિષયો પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવે છે. ગજાનન આશ્રમ માલસરમાં રહેવા, જમવાની તથા અભ્યાસની સુવિધા બિલકુલ નિ:શુલ્ક છે. અહીં ૮ વર્ષની ઉંમરથી બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. અભ્યાસ સુધીમાં અનેક વિદ્વાન બ્રાહ્મણો તૈયાર થઈ દેશ વિદેશમાં તથા ધર્મ સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર કરે છે. બ્રાહ્મણ બાળકોને નર્મદામૈયાના પવિત્ર ખોળામાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવાથી બાળકમાં આધ્યાત્મિક ઊર્જા પ્રાપ્ત થાય છે.

પૂજ્ય ગુરુજી દ્વારા ધર્મ,સંસ્કૃતિ ને સંસ્કારો નું સિંચન કરાવવા માં આવે છે. ભારતીય સનાતન પ્રાચીન ના આશ્રમ ની જેમ શાસ્ત્રો ને શસ્ત્ર માં નિપુણ કરવા માં આવે છે.બૌદ્ધિક વિકાસ ની સાથે શારીરિક વિકાસ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.કર્મકાંડ વિષયમાં કાશીના વિદ્વાન શાસ્ત્રી ઉદયપ્રસાદ તથા વાસ્તુ-જ્યોતિષનો અભ્યાસ વડોદરાના પ્રખર જ્યોતિષશાસ્ત્રી ગોપાલ ભટ્ટ જ્ઞાન આપે છે. પ્રવેશ માટે ગજાનન આશ્રમ માલસર, તા. સિનોર, જિ. વડોદરા અથવા સંપર્ક નંબર ૯૮૨૫૧ ૧૭૪૦૮/ ૯૯૨૪૧ ૩૨૦૩૨/ ૯૮૨૪૪ ૨૯૫૨૦

### ઇન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ, ગુજરાત અને લઘુ ઉદ્યોગ ભારતી

# શહેરમાં આફ્રિકન બજારો માટે એક્સપોર્ટ વિષયે અવેરનેસ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

**ઇન્ડિયા** કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ (ગુજરાત) ના ચેરમેન વિરલભાઇ ચૌધરીનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ, ગુજરાત અને લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરાના સહયોગથી શહેરમાં આફ્રિકન બજારો માટે એક્સપોર્ટ વિષયે ખાસ અવેરનેસ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. જેમાં ગ્લોબલ ટ્રેડ સ્ટ્રેટેજિસ્ટ અંકિત મજુમદારે એમએસએમઇ એક્સપોર્ટ રેડીનેસ, આફ્રિકન બજાર માટે એન્ટ્રી સ્ટ્રેટેજી, એક્સપોર્ટ પ્રોસિજર અને કમ્પ્લાયન્સ, ભારત-આફ્રિકા વેપારની તકો, આફ્રિકન આયાતકારો સાથે બીટુબી કનેક્શન માટેનું પ્લેટફોર્મ, આફ્રિકન બજારમાં સંભવિત



ખરીદદારોના વિવિધ સ્ત્રોતો અને કેસ સ્ટડી અને વેબસાઈટ્સ દ્વારા શહેરના ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું હતું.

જે વિશે માહિતી આપતા ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ (ગુજરાત)ના ચેરમેન વિરલભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતના એમએસએમઇને હેન્ડ્સ-ઓન એક્સપોર્ટ બનાવવા સાથે આફ્રિકન અર્થતંત્રો સાથે ગુજરાતના વ્યવસાયોને જોડવાના આશય સાથે આફ્રિકન બજારો માટે એક્સપોર્ટ વિષયે ખાસ અવેરનેસ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. જેમાં નિષ્ણાંત અંકિત મજુમદારે કહ્યું હતું કે, આપણે આફ્રિકાના બજારોમાં વ્યાપાર કરવાની વાત કરીએ ત્યારે એમ્બેસી ઓફ ઈન્ડિયાના સર્પોટથી ત્યાની લિસ્ટેડ કંપનીઓનો સંપર્ક કરીને સરળતાથી વ્યાપાર કરી શકાશે. વિદેશના પ્રત્યેક દેશમાં વ્યાપાર કરવાના નિયમો અલગ-અલગ છે. જેથી ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલ ૨૭ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ અને ૯ કોમોડિટી બોર્ડના માર્ગદર્શનથી વિદેશમાં સરળતાથી વ્યાપાર કરી શકાય છે. આ સાથે સાથે ભારતમાં બનતી કોઈ પણ પ્રોડક્ટ વિશ્વના ૨૦૦ થી વધારે દેશમાં એક્સપોર્ટ થાય છે પરંતુ એક મેનીફેક્ચરિંગ કંપની ઓછામાં ઓછા ૧ અને વધુમાં વધુ ૧૫ દેશમાં વ્યાપાર કરતી હોય છે.

# નરેન્દ્ર મોદીના સફળ કાર્યકાળ નિમિત્તે લોકકલ્યાણ કાર્યક્રમોનું આયોજન

**વિશ્વ પર્યાવરણ** દિવસ થી વિશ્વ યોગ દિવસ દરમિયાન વડોદરા જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે આગામી તા. ૦૫/૦૬/૨૦૨૬ (વિશ્વ પર્યાવરણ દિવસ) થી તા. ૨૧/૦૬/૨૦૨૬ (વિશ્વ યોગ દિવસ) દરમિયાન વડોદરા જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત રાજ્યના તમામ નાગરિકો, લોકપ્રતિનિધિઓ, વિદ્યાર્થીઓ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને સમાજના વિવિધ વર્ગો વિકાસની પ્રક્રિયામાં સક્રિયપણે જોડાય તેવો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે.

સરકારના વિવિધ વિભાગોના આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ પ્રોજેક્ટો, વિકાસલક્ષી કાર્યો, પ્રવાસન સ્થળો, યાત્રાધામો, શૈક્ષણિક સંસ્થાઓ, સહકારી પ્રવૃત્તિઓ અને લોકભાગીદારી આધારિત કાર્યક્રમોના સુચારુ આયોજન અને સંકલન માટે જિલ્લા કલેક્ટર નોડલ અધિકારીશ્રીઓની નિમણૂંક કરી છે. આ ભવ્ય આયોજનના સફળ અમલીકરણ માટે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે, જે અંતર્ગત પર્યાવરણની જાળવણી માટે 'એક પેડ માઁ કે નામ' વૃક્ષારોપણ અને જતન અભિયાન તેમજ વનીકરણની સંપૂર્ણ જવાબદારી સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રીને સોંપવામાં આવી છે.

સમગ્ર જિલ્લામાં સ્વચ્છતા અભિયાન, જિલ્લામાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપતી પ્રગતિપથ યાત્રા યોજાશે. આ ઉપરાંત, સમાજના અગ્રણીઓ સાથે જોડાણ સાધવા માટે પ્રતિષ્ઠિત વ્યક્તિ સંપર્ક અભિયાન અંતર્ગત જિલ્લાના ૫૦૦ પ્રતિષ્ઠિત નાગરિકોના સંપર્કનો કાર્યક્રમ હાથ ધરાશે.

### આર્બિટ્રેશનના આદેશ છતાં સ્કૂલ યથાવત !

# ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ વિવાદમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં

**લીઝ** એગ્રિમેન્ટના ભંગ બદલ ટ્રસ્ટ સામે ચુકાદો, રૂ. 3.68 કરોડની બાકી રકમ ચૂકવવાનો પણ આદેશ

**વાલીઓને** જાણ વગર સ્કૂલ ચાલુ, જમીન માલિકોની શિક્ષણ વિભાગ અને સરકાર સમક્ષ કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા, તા. 2 જૂન: સેવાસી નજીક અંપાડ ખાતે આવેલી સીબીએસઈ સંલગ્ન ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ લીઝ એગ્રિમેન્ટના વિવાદને કારણે ગંભીર ચર્ચામાં આવી છે. ગ્લોબલ એજ્યુકેશન રિસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત આ સ્કૂલ સામે આર્બિટ્રેશન સેન્ટર (લવાદી કોર્ટ) દ્વારા ઓક્ટોબર-2025માં મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો હતો. જેમાં ટ્રસ્ટને 31 મે, 2026 સુધીમાં સ્કૂલની જગ્યા ખાલી કરીને જમીન માલિકોને શાંતિપૂર્ણ કબ્જો સોંપવાનો તથા રૂ. 3.68 કરોડથી વધુની બાકી ભાડાની રકમ 9 ટકા વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કરાયો હતો.

જમીન માલિકો ઉત્તમ પટેલ અને રમેશ પટેલના જણાવ્યા મુજબ, લીઝ એગ્રિમેન્ટ મુજબ દર મહિને ભાડાની સમયસર ચુકવણી થતી ન હોવાથી વર્ષ 2018થી અનેક વખત કાનૂની નોટિસો પાઠવવામાં આવી હતી. છતાં ટ્રસ્ટ તરફથી કોઈ યોગ્ય પ્રતિસાદ ન મળતા હાઈકોર્ટમાં આર્બિટ્રેશન પિટિશન દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ હાઈકોર્ટના આદેશથી નિયુક્ત આર્બિટ્રેટરે બંને પક્ષોની દલીલો અને દસ્તાવેજોની તપાસ કર્યા બાદ જમીન માલિકોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

મહત્વની બાબત એ છે કે આ ચુકાદાને સાત મહિના વીતી ગયા હોવા છતાં ટ્રસ્ટે ન તો જગ્યા ખાલી કરી છે કે ન તો બાકી રકમની ચુકવણી કરી છે. હાલમાં સ્કૂલમાં પ્રી-પ્રાયમરીથી ધોરણ-10 સુધીના 200થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ સમગ્ર વિવાદ અંગે વાલીઓને પણ કોઈ સત્તાવાર જાણ કરવામાં આવી નથી. વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને જમીન માલિકોએ ડીઈઓ, જિલ્લા કલેક્ટર તથા શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## છાણીની શ્રી ગંગાબાઈ સાર્વજનિક હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓનું સન્માન

વડોદરા : છાણી સ્થિત શ્રી ગંગાબાઈ સાર્વજનિક હાઈસ્કૂલમાં વર્ષ 2025-26 દરમિયાન ધોરણ-10 (એસએસસી બોર્ડ)ની પરીક્ષામાં શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે શાળા મંડળના પ્રમુખ સતીશભાઈ પટેલ તથા આચાર્યએ વિદ્યાર્થીઓને સન્માનપત્ર અને ટ્રોફી અર્પણ કરી તેમના ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રદર્શનને બિરદાવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓની મહેનત, લગન અને શિસ્તની પ્રશંસા કરી હતી.

વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પણ શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રમાં સતત પ્રગતિ કરીને શાળા, પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. શાળાના શિક્ષકો અને વાલીઓએ પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.


# ધ્રુવ પટેલની તોફાની બેટિંગથી એલેમ્બિક વોરિયર્સનો બીજો વિજય

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના બીસીએ સ્ટેડિયમ, કોટાંબી ખાતે ચાલી રહેલી બરોડા પ્રીમિયર લીગ (BPL) સીઝન-2ની ત્રીજી મેચમાં 2 જૂનના રોજ એલેમ્બિક વોરિયર્સ અને ડાયમંડ ડેઝલર્સ વચ્ચે રોમાંચક મુકાબલો રમાયો હતો. એલેમ્બિક વોરિયર્સે ટોસ જીતી પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

મેચને નિહાળવા માટે ક્રિકેટપ્રેમીઓ ઉપરાંત IPLની ચાર ટીમઃ CSK, DC, RCB અને KKRના સ્કાઉટ્સ પણ ખાસ હાજર રહ્યા હતા, જેમણે ખેલાડીઓના પ્રદર્શન પર નજીકથી નજર રાખી હતી.

પ્રથમ બેટિંગ કરતા ડાયમંડ ડેઝલર્સે 20 ઓવરમાં 9 વિકેટે 151 રન બનાવ્યા હતા. ટીમ તરફથી ભાનુ પાણિયાએ 21 બોલમાં 34 રન, દીપ પટેલે 27 બોલમાં 34 રન અને શશ્વત રાવતે 30 બોલમાં 31 રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી. એલેમ્બિક વોરિયર્સ તરફથી લક્ષિત ટોકસિયાએ 4 ઓવરમાં 3 વિકેટ ઝડપી હતી, જ્યારે હેમંત પુંડે,



પ્રદીપ યાદવ અને સફવાન પટેલે 2-2 વિકેટ મેળવી હતી.

152 રનના લક્ષ્યાંકનો પીછો કરતા એલેમ્બિક વોરિયર્સે માત્ર 17.4 ઓવરમાં 4 વિકેટે 155 રન બનાવી 6 વિકેટે જીત મેળવી હતી. ધ્રુવ એન. પટેલે 49 બોલમાં 76 રનની તોફાની ઈનિંગ્સ રમી હતી, જેમાં 11 ચોગ્ગા અને 1 છગ્ગાનો સમાવેશ થાય છે. પ્રદીપ યાદવે 15 બોલમાં અણનમ 22 રન ફટકાર્યા હતા. ડાયમંડ ડેઝલર્સ તરફથી અભિમન્યુ સિંહ રાજપૂતે 2 વિકેટ ઝડપી હતી. મેચ દરમિયાન એલેમ્બિક વોરિયર્સ દ્વારા દર્શકો માટે મનોરંજક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.